# સાબરકાંઠામાં મેઘમહેર : આગાહીને પગલે તંત્ર સાબદુ

## હિંમતનગરમાં ૫, પ્રાંતિજ, વિજયનગર અને ઈડરમાં ૪ ઈંચ વરસાદ : આખી રાત વરસાદ ચાલુ રહેતા જિલ્લામાં મેઘમહેરનો અહેસાસ : આગામી ૪૮ કલાકમાં ભારે વરસાદની આગાહી




હિંમતનગર, તા. ૧૦

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા પાંચેક દિવસથી સતત પડી રહેલા વરસાદને લઈને જિલ્લાવાસીઓ ખુશખુશાલ દેખાઈ રહ્યા છે. ત્યારે છેલ્લા ૨૪ કલાકમાં મેઘરાજાએ સાબરકાંઠા જિલ્લા પર કરેલી મહેરને કારણે વરસાદી હેલી થઈ છે. જિલ્લામાં સૌથી વધુ વરસાદ હિંમતનગરમાં ૫ ઈંચ તથા પ્રાંતિજ, વિજયનગર, ઈડરમાં ૪ ઈંચ વરસાદ પડ્યો હતો અને શનિવાર સવારથી જ પણ જિલ્લામાં છુટોછવાયો વરસાદ ચાલુ રહેતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે અને સીમાડાઓમાં વનરાજીએ પણ લીલી ચાદર ઓઢી લેતા નયનરમ્ય દશ્યો જોવા મળી રહ્યા છે.

સાબરકાંઠા જિલ્લામાં હવામાન વિભાગે કરેલી આગાહીને અનુકૂળ છુટોછવાયો વરસાદ વરસી રહ્યો છે. ત્યારે છેલ્લા ૨૪ કલાક દરમ્યાન જિલ્લામાં સૌથી વધુ વરસાદ હિંમતનગર તાલુકામાં ૧૨૪ મીમી (૫ ઈંચ), પ્રાંતિજ, ઈડર અને વિજયનગરમાં ૧૦૦ મીમી (૪ ઈંચ) વરસાદ પડતા જિલ્લામાં વરસાદની હેલી બેસી ગઈ છે. ઉપરાંત ડિઝાસ્ટર વિભાગના જણાવાયા મુજબ તલોદમાં ૭૨ (૩ ઈંચ), ખેડબ્રહ્મામાં ૬૦ મીમી. (૨.૫ ઈંચ), પોશીનામાં ૫૩ મીમી (૨ ઈંચ) જ્યારે વડાલીમાં છેલ્લા ૨૪ કલાક દરમ્યાન ૪૧ મીમી (પોણા બે ઈંચ) વરસાદ થયો છે. દરમ્યાન શનિવારે સવારે છ વાગ્યાથી બપોર સુધીમાં તલોદમાં ૭ મીમી, વિજયનગરમાં ૨ મીમી અને પ્રાંતિજમાં ૧ મીમી વરસાદ થયો હોવાના અહેવાલ પ્રાપ્ત થયા છે.

શુક્રવારે રાત્રે સતત પડેલા વરસાદને કારણે હિંમતનગરના સહકારી જીન વિસ્તારમાં આવેલ નિકુંજ સોસાયટી, રામબાગ સોસાયટી, અવધપાર્ક સોસાયટી તથા મહાવીરનગરની ભૂમિપૂજા, રણછોડરાય સોસાયટી, મારૂતિનગર, ગણપતિ મંદિર રોડ વિસ્તારમાં આવેલી ચારથી વધુ સોસાયટીઓમાં પાણીનો નિકાલ ન થવાને કારણે આ વિસ્તારો તળાવમાં ફેરવાઈ ગયા હતા. ઉપરાંત બેરણા રોડ પર આવેલી શુભ ટેર્નામેન્ટ, સાકાર બંગ્લોઝ, ઉમિયાનગર, શાંતિનગર સહીતની સોસાયટીઓના કોમન પ્લોટમાં પાણી ભરાઈ જવા પામ્યા છે. વરસાદને કારણે રિલાયન્સ મોલથી બેરણા જતા રોડ પર અનેક ગાબડા પડી જતા વાહનચાલકો મુશ્કેલીમાં મુકાયા છે.

નગરપાલિકાની હદમાં આવેલ જનકપુરી, સાંપ્રદ, સુવિધા સોસાયટી સહીતની અન્ય સોસાયટીઓમાં પણ વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા ન હોવાને કારણે દર વર્ષે ચોમાસામાં આ વિસ્તારમાં રહેતા લોકો સતત મુશ્કેલી ભોગવે છે. સતત પડી રહેલા વરસાદને કારણે જિલ્લામાં માંખી મચ્છરોનો ઉપદ્રવ વધી ગયો હોવાથી આગામી દિવસોમાં મચ્છર અને પાણીજન્ય રોગોનો ઉપદ્રવ થવાની સંભાવના છે. વરસાદને લીધે હિંમતનગર તાલુકાના અનેક ગામડાઓમાં રસ્તાઓ પર ગાબડા પડી ગયા છે. સાથોસાથ હિંમતનગર અને પ્રાંતિજમાં રેલવેતંત્રએ બનાવેલા અંડરબ્રિજમાં વરસાદી પાણીનો નિકાલ ન થવાને કારણે શનિવારે લોકોને અવરજવર કરવામાં ખુબજ હાલાકી વેઠવી પડી હતી. ડિઝાસ્ટર વિભાગના જણાવાયા મુજબ શુક્રવારે રાત્રે પડેલા વરસાદને લીધે જિલ્લામાં કોઈ અનિચ્છનીય ઘટના બની નથી. દરમ્યાન હિંમતનગર તાલુકાના પૂર્વ વિસ્તારમાં આવેલ બાંખોર(હુંજ) ગામની શાળાના દિવાલ વરસાદને લીધે ધરાશયી થઈ ગઈ હતી. જોકે રાત્રે બનેલી આ ઘટનાને લીધે કોઈ જાનહાની થઈ ન હોવાનું આધારભુત સુત્રોમાંથી જાણવા મળ્યું છે.

# દેરોલ નદીના પુલ પર ગાબડુ પડતા રસ્તો વન-વે કરાયો

હિંમતનગર, તા. ૧૦

સાબરકાંઠા જિલ્લામાં સતત પડી રહેલા વરસાદને કારણે અનેક ઠેકાણે રસ્તાઓ પર ગાબડા પડી ગયા છે. તથા સતત ચાલુ રહેતા વરસાદને લીધે આ રસ્તાઓ પર થઈને વાહનો પસાર થતા ગાબડા મોટા પડે છે. દરમ્યાન હિંમતનગર-મહેસાણા રોડ પર દેરોલ નજીકની સાબરમતી નદીના પુલમાં ગાબડુ પડતા વહીવટીતંત્રએ શનિવારે પુલના એક તરફના રસ્તાને બંધ કર્યો છે.



સાબરકાંઠા અને અરવલ્લીને જોડતી દેરોલ પાસેની સાબરમતી નદીમાં બંને જિલ્લાની પ્રજાને તથા વાહનચાલકોને અવરજવર કરવા માટે વર્ષો અગાઉ પુલ પર દ્વિમાર્ગીય રસ્તો બનાવાયો હતો. જેના પરથી રોજબરોજ ભારે વાહનો સતત અવરજવર કરે છે. દરમ્યાન શુક્રવારે રાત્રે હિંમતનગર તાલુકાના પશ્ચિમ વિસ્તારમાં અંદાજે ૫ ઈંચ પડેલા વરસાદને કારણે અનેક ઠેકાણે રસ્તાઓ પર ગાબડા પડી ગયા છે.

સતત પડી રહેલા વરસાદને કારણે દેરોલ પાસેની સાબરમતી નદીમાં બનાવાયેલા પુલ પર મહેસાણા તરફથી હિંમતનગર આવતા પુલના રસ્તા પર મોટુ ગાબડુ પડી ગયુ છે. જે અંગે સાબરકાંઠા જિલ્લાના માર્ગ અને મકાન વિભાગને ખબર પડતા તરત જ પુલ પરના રસ્તાને વન-વે કરી દેવાયો છે. જેના લીધે વાહનચાલકોને અવરજવર કરવા માટે લાઈનમાં ઉભા રહેવુ પડ્યુ હતુ. તો બીજી તરફ વરસાદ બંધ નહી થાય ત્યાં સુધી ગાબડાનું સમારકામ શક્ય નથી. જોકે તકેદારી માટે માર્ગ અને મકાન વિભાગ દ્વારા ગાબડા નજીક આડશ મુકીને વાહનચાલકોને તકેદારી રાખવા માટે અનુરોધ કરાયો છે.

# લીંભોઈ ફૂટા તળાવ ફાટ્યુ

## ધામણી અને હાથમતી નદી બે કાંઠે થતા પાણીના પ્રવાહથી વાહનવ્યવહાર ઠપ્પ

બાયડ, તા. ૧૦

બંગાળની ખાડીમાં સર્જાયેલું લો-પ્રેશર ડીપ ડીપ્રેશનમાં ફેરવાતાં ખેડૂતોના ખેતરમાં ઉભો પાક ધોવાતાં ધોધમાર વરસાદે ખેડૂતો માટે આફત સર્જી છે. મોડાસાના હતો. કોઝવે પર પાણી ફરી વળતા ભારૂજીના મમુવાડા, નવાભારુજી, મગનપુરા, રણછોડપુરા વરસાદને કારણે ભિલોડાની હાથમતી નદી બે કાંઠે વહેતા પાંચથી વધારે ગામ વચ્ચે ચાલતો વાહનવ્યવહાર ઠપ્પ થયો

અરવલ્લી જીલ્લામાં મેઘમહેર યથાવત રહેતા મોડાસા તાલુકાના સાકરીયા ગામે




હવામાન વિભાગે ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરી હતી, જેના પગલે અરવલ્લી જિલ્લામાં હવામાન ખાતાની આગાહી મુજબ સમગ્ર જિલ્લામાં ધોધમાર વરસાદ ખાબક્યો છે. લીંભોઈ-ઈટાડી રોડ પર આવેલું ફૂટા તળાવ ફાટતા આજુબાજુના ખેતરોમાં પાણી ફરી વળતા બાકરોલ નજીક મેશ્વો નદી પર આવેલી ડીપ ધોવાતાં વાહનવ્યહાર ઠપ્પ થઈ ગયો હતો. મોડાસા માર્ગ અને મકાન વિભાગની દીવાલ ધરાશાયી થતા ભારે અફડાતફડી મચી હતી.

બાયડની ધામણી નદી બે કાંઠે વહેતા કોઝવે પર પાણી ફરી વળતા આસપાસના ૫ ગામનો સંપર્ક તૂટયો નવિવસાહત મહાદેવપુરા સહિતના ગામોનો અસર વર્તાઈ હતી. ભારુજીના મુવાડાની પ્રાથમિક શાળા કોઝવે પર પાણી ફરી વળતા બે દિવસથી બાળકો અભ્યાસથી વંચિત રહેવું પડ્યું હતું.

અરવલ્લી જિલ્લાના ભિલોડામાં પણ વરસાદની અસર જોવા મળી હતી. ઉપરવાસમાં હતો. હાથમતી નદી બે કાંઠે વહેતા કમઠાડિયા, ઉપલા કમઠાડિયા, મઠ બોલુન્દ્રા, ટાકાટુકા અનો વિરપુરનો વાહન વ્યવહાર ઠપ્પ થઈ ગયો છે. આ ગામ પર બ્રિઝ બનાવવાની લોકોની માંગ છે, જેથી વરસાદની ઋતુમાં વાહન વ્યવહારને અસર ન થાય.

સતત વરસાદથી ૩ કાચા મકાન ધરાશાયી વિનુભાઈ પટેલનું કાચું મકાન ભેજના લીધે ધરાશાયી થયું હતું. દોલપુર ગામે માઝુમ જલાગાર યોજનના અસરગ્રસ્ત જાલાભાઈ ખુમાભાઈ રાવળનું મકાન ધરાશાયી થતા ગરીબ પરિવાર પર આભ તૂટી પડ્યું હતું. ઝાલોદર ગામે પણ એક મકાન ધરાશાયી થતા ત્રણે પરિવારો ઘરવિહોણા બન્યા હતા.

# ભિલોડા અને વિજયનગર તાલુકામાં સાર્વત્રિક મેઘમહેર

ભિલોડા,તા.૧૦

ભિલોડા અને વિજયનગર તાલુકા સહિત શામળાજી પંથકમાં સાર્વત્રીક મેઘમહેર દરમ્યાન હાથમતી નદી,બુઢેલી નદી,ઈન્દ્રાસી નદી,મેશ્વો નદી બે કાંઠે વહેતી થઈ હતી.ઉપરવાસમાં ભારે વરસાદના



કારણે હાથમતી નદી બે કાંઠે વહેતા વાહનવ્યવહાર ઠપ્પ થઈ ગયો હતો.કમઠાડીયા,ઉપલા કમઠાડીયા,મઠ,બોલુન્દ્રા, ટાકાટુકા,વિરપુર સહિત વિવિધ ગ્રામ્ય વિસ્તારો સંપર્ક વિહોણા થઈ ગયા હતા.કમઠાડીયા ગામ પાસે હાથમતી નદી ઉપર બ્રીજ બનાવવાની વર્ષો જુની માંગ ન સંતોષાતા આ વિસ્તારના પ્રજાજનોમાં તીવ્ર રોષ ભભુકી ઉઠ્યો હતો.વિદ્યાર્થીઓને વરસાદ દરમ્યાન અભ્યાસથી વંચિત રહેવુ પડ્યુ હતું.

બંગાળની ખાડીમાં સર્જાયેલુ લો-પ્રેશર ડીપ ડીપ્રેશનમાં ફેરવાતા હવામાન વિભાગે ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરી હતી.હવામાન વિભાગની આગાહી મુજબ ધોધમાર વરસાદ ખાબક્યો હતો.લીંભોઈ-ઈટાડી ધોરીમાર્ગ ઉપર આવેલ તળાવ ફાટતા આજુબાજુના ખેતરમાં વરસાદી પાણી ફરી વળતા ખેતરોમાં લહેરાતો ઉભો પાક ધોવાઈ ગયો હતો.

# બાયડના ઝાંઝરી ધોધનો નયનરમ્ય નજારો જોવા લોકો ઉમટયા

બાયડ, તા. ૧૦

અરવલ્લી જીલ્લાના બાયડ તાલુકાના ડાભા ગામ નજીક આવેલ ઝાંઝરીનો ધોધની અદભુત નઝારાથી આકર્ષાઈ એક મલ્ટીનેશનલ સૌંદર્ય પ્રસાધનો બનાવતી કંપનીએ નાહવાના સાબુની જાહેરાત બનાવી હતી ત્યારબાદ ઝાંઝરીનો ધોધ ગુજરાતના સહેલાણીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. ઝાંઝરી ધરાને ભોગિયો ધરો પણ ઓળખાવામાં આવે છે. ધોધના નજીક આવેલા ધરામાં પાણીમાં નાહવા પડતા અનેક લોકોએ જીવ ગુમાવ્યો છે. ઝાંઝરી ધોધ વહેતા પ્રાંત અધિકારી ડૉ. નવનાથ ગવ્હાણેની સૂચનાના આધારે આંબલીયારા પી.એસ.આઈ આશિષ પટેલે ઝાંઝરી ધોધ પર તકેદારીના ભાગ રૂપે પોલીસ તૈનાત કરી દેવામાં આવી છે.

બાયડના ડાભા નજીક ઝાંઝરી ધોધ ઉત્તરગુજરાત, માધ્ય ગુજરાતમાં જોવાલાયક પર્યટક સ્થળ તરીકે ખુબ જ જાણીતું છે. રજાઓમાં મોટા પ્રમાણમાં સહેલાણીઓ, પ્રકૃતિ પ્રેમીઓ મોટી સંખ્યામાં ઝાંઝરી ધોધ અને ઝાંઝરીનો ધરો જોવા ઉમટી પડે છે. બાયડ પંથક અને ઉપરવાસમાં કેટલાક અણબનાવ બનેલા છે અને જેના કારણે કલેકટરના આદેશને ધ્યાનમાં લઈ ત્યાં અત્યારે પ્રવાસીઓને નાવાની મનાઈ છે. જો



ભારે વરસાદના કારણે ઝાંઝરી વાત્રક નદીમાં પાણીની આવક વધતા ધોધ પડતા નજારો નયનરમ્ય બને છે સાથે આહલાદક વાતાવરણ ઉત્પન્ન થાય છે. ભૂતકાળમાં ધોધમાં નાવા પડવાથી કે ઝાંઝરી ધોધ જોવા માટે અનેક લોકો જતા હોઈ છે અને ત્યાં નાવા પડે છે અને કોઈ અણબનાવ ના બને તેને ધ્યાનમાં લઈ આંબલીયારા પોલીસ સ્ટાફ ત્યાં ખડકી દેવામાં આવ્યો છે.



### અરવલ્લીની હાથમતી નદીમાં નવા નીર આવ્યા

અરવલ્લીની હાથમતી નદીમાં પાણી આવતા ૧૦ ગામો સંપર્ક વિહોણા બન્યા હતા. જીલ્લામાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે ત્યારે હાથમતી નદીમાં નવા નીર આવ્યા હતા. જેના લીધે ૧૦ ગામો સંપર્ક વિહોણા થયા હતા ભિલોડા નથી હાથમતી અને બુઢેલી નદી બે કાંઠે વહી હતી. તો બીજી બાજુ લીંભોઈ પાસે આવેલા તળાવમાં ગાબડું પડ્યું હતું જેના લીધે લાખો લીટર પાણી વહી ગયું હતું. અરવલી જીલ્લાના બાયડ તાલુકાના ઝાંઝરીનો ધોધ વહેતો થયો હતો. આ નયનરમ્ય દ્રશ્ય જોવા પ્રવાસીઓ ઉમટી પડ્યા હતા.

# પાલનપુર બાલાજી સીટીમાં માલિકીના ખુલ્લા પ્લોટોમાં પાણી ભરાઈ રહેતા રોગચાળાની ભિતી

પાલનપુર

પાલનપુર બાલાજી સિટીમાં સામાન્ય વરસાદમાં પાણી ભરાય છે.જેમાં કેટલાક રહીશો દ્વારા પ્લોટના સારા ભાવ આવે તે માટે રોકાણ કરવા માટે મુકી રખાયા છે.પરંતુ આ પ્લોટનું પુરાણ કરવામાં ન આવતા વરસાદી પાણી ભરાઈ રહેતુ હોવાથી સ્થાનિક રહીશોમાં રોકચાળો ફેલાવાની ભિતી રહે છે. જેથી રહીશો દ્વારા નગર પાલિકામાં રજુઆત કરી કાર્યવાહી કરવા માંગ કરવામાં આવી છે. પાલનપુર આબુ હાઈવે ઉપર ન્યુ પાલનપુરમાં બાલાજી સિટી આવેલી છે. સોસાયટીમાં સામાન્ય વરસાદમાં પણ પાણી ભરાઈ જાય છે. કેટલાક લોકો દ્વારા આ વિસ્તારમાં સારા ભાવ આવે તે માટે રોકાણ કરી પ્લોટ રાખવામાં આવ્યા છે. સામાન્ય પડેલા વરસાદમાં પ્લોટોમાં પાણી ભરાઈ ગયા છે.જેના કારણે સ્થાનિક



રહીશોમાં રોગચાળો ફાટી નિકળવાની ભિતી સેવાઈ રહી છે. સ્થાનિક રહીશો દ્વારા આ બાબતે નગરપાલિકાને રજુઆત કરવામાં આવી હતી. પાલિકાએ કાર્યવાહી કરવાની ખાત્રી આપતા મામલો થાળે પડ્યો હતો.તેમ છતા જો આ પ્રશ્નનો ઉકેલ નહી આવે અને ખુલ્લા પ્લોટમાં પુરાણ કે મકાનો બનાવવામાં નહી આવે તો જિલ્લા કલેક્ટરને રજુઆત કરવામાં આવશે.